# ટેન્ડરની શરત નં.:(૫)

**કામનું નામ:** Providing necessary Man power for operation and maintenance of Sarita Udhyan head works and Sector No.5 head works for water supply in G.T.S.

## ટેન્ડર તથા બીલ રજુ કરવાની ખાસ શરતો

(૧) ઈજારદારશ્રીએ કામ માટે જે મેન–પાવર ઉપલબ્ધ કરાવવાના થાય તેમાં છેલ્લા કાર્યરત કામ પર રાખેલ મેન–પાવરને ના.કા.ઇ ના સંપર્કમાં રહીને તેઓને ભૂતકાળની કામગીરીના મુલ્યાંકન અન્વયે પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૨) ઠેકેદારશ્રીએ કામ પર રાખેલ મેન–પાવરના લેબર એકટની જોગવાઈ મુજબ લેબર લાઈસન્સ તથા લઘુત્તમ વેતન ધારા હેઠળના નિયમોનું પાલન કરવાનું રહેશે અને કરેલ ચુકવણાની પ્રતિમાસ પ્રમાણિત નકલો સબ ડીવીઝન ઓફિસમાં રજુ કરવાની રહેશે. તદૃઉપરાંત કામ ઉપર રાખેલ મેન–પાવર માટે હેલ્થ ઈન્સ્યુરન્સ, અકસ્માત વિમો વિગેરે મેળવવાનો રહેશે અને તેની નકલ કામ શરૂ કરતાં પહેલાં પેટા વિભાગીય કચેરીમાં રજુ કરવાની રહેશે.

(૩) ચાલુ કામ દરમ્યાન કામ પર રાખેલ મેન–પાવર થકી કોઈ અકસ્માત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની અંગત રહેશે અને મેન–પાવરની ક્ષતિથી અકસ્માત થયાનું પુરવાર થયે સંપૂર્ણ વળતર ચૂકવવાની જવાબદારી ઈજારદારની અંગત રહેશે.

(૪) કામ ઉપર રાખેલ મેન–પાવર તથા કામદારોના ઈ.પી.એફ. ધારા હેઠળની કપાત એજન્સી દ્વારા કરવાની રહેશે. મુખ્ય માલિક તરીકે તે અંગેની કોઈ જવાબદારી આ વિભાગ/પેટા વિભાગ ની રહેશે નહી.

(૫) એજન્સી દ્વારા મજુર કાયદા અધિનિયમ હેઠળ મજુર કમિશ્નર ની કચેરી ખાતે નોંધણી કરાવવાની રહેશે તથા નોંધણી કરાવ્યા અંગેના લેબર લાયસન્સની નકલ કરાર થયે ૧૫ દિવસમાં પેટા વિભાગીય કચેરીમાં અચુક રજુ કરવાની

રહેશે.

(૬) મેન–પાવરની દૈનિક જરૂરિયાત અંદાજીત છે અને તેમાં જરૂરિયાત પ્રમાણે વધારો ઘટાડો કરવાની સંપૂર્ણ સત્તા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે અને અંદાજીત જરૂરિયાત કરતાં વાસ્તવિક જરૂરિયાત ઓછી હશે તો તે માટે કોઈપણ પ્રકારનું વળતર માગી શકાશે નહિ. મેન–ડે (MANDAY) ની ગણતરી ૮.૦૦ (આઠ) કલાકની એક પાળી માટે ગણાશે. તેથી ઓછા કામના કલાકો માટે કલાક પ્રમાણે મેન–ડે (MANDAY) ગણાશે.

(૭) આકસ્મિક સંજોગોમાં મેન–પાવરની જરૂરિયાત માટે ટુંકી મુદતે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા ટેલિફોનીક માગણી કરેથી બે કલાકમાં જરૂર મુજબના વર્કર ઉપલબ્ધ કરાવવાના રહેશે.

(૮) એજન્સીએ વર્કઓર્ડર લીધા બાદ ટેન્ડર જોગવાઈ મુજબ પુરા પાડવાના થતાં મેનપાવર (માણસો) માટે અનુભવી અને સક્ષમ માણસોનું લિસ્ટ ના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની મંજુરી અર્થે રજુ કરવાનું રહેશે.

(૯) નકકી થયેલ કર્મચારીઓના આધાર નંબર, બેંક ખાતાની વિગત, ઈ.પી.એફ. નંબર,ઈ.એસ.આઈ. વિગેરે મેળવીને પેટા વિભાગીય કચેરીમાં જાણ કરવાની રહેશે જો ના હોય તો મેળવીને રજુ કરવાના રહેશે.

(૧૦) દર માસ પુર્ણ થયા બાદ દરેક કર્મચારીનો લઘુતમ વેતન મુજબ બેંકમાં કરેલ પગારનો પુરાવો, ઈ.પી.એફ., ઈ.એસ.આઈ. ના પુરાવા તથા ભરેલ જી.એસ.ટી.ની પહોંચ અંગેનું ચલણ રજુ કરવાનું રહેશે જેને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી એ ચકાસણી કર્યા બાદ બીલ વિભાગીય કચેરીએ ચુકવણાં માટે ભલામણ કરવામાં આવશે.

(૧૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૩, ગાંધીનગર દ્વારા

બહાર પાડેલ ઓનલાઈન અપલોડ કરેલ અને અરજદારે ઓનલાઈન ભરેલ ટેન્ડર જ માન્ય ગણાશે. આ ટેન્ડરમાં અંદાજે ૨૫ જેટલા ના વર્કરો નાયબ કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૮, ગાંધીનગર હસ્તકના વિવિધ હેડ વોટર વર્કસ તેમજ બોર વેલ માટે પુરા પાડવા માટેનું છે. જેમાં પેટા વિભાગની જરૂરીયાત મુજબ વધારો ઘટાડો થઈ શકે છે. આ સંખ્યામાં ઘટાડો થયેથી ખરેખર પુરા પાડેલ વર્કરોના પગાર મુજબ સર્વિસ ચાર્જ ચુકવવામાં આવશે. આ બાબતે અન્ય કોઈ વળતર ચુકવવામાં આવશે નહિ. તથા જરૂરીયાત મુજબ સંખ્યા વધારવાની થાય ત્યારે ટેન્ડરની શરતો મુજબ વધારાના વર્કરો પુરા પાડવાના રહેશે તથા મંજુર થયેલ ટેન્ડરના દરે સર્વિસ ચાર્જ ચુકવવામાં આવશે.

(૧૨) ઈ–ટેન્ડર ભરનાર એજન્સી/ ઈજારદાર/ પેઢીએ ટેકનીકલ બીડ સાથે માંગવામાં આવેલ તમામ વિગત આધારભુત કાગળો ઈ–ટેન્ડર સાથે ટેકનીકલ બીડમાં ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.

(૧૩) ટેન્ડર કવરમાં ટેન્ડર ફી **રૂા.૧,૫૦૦.૦૦** અસલમાં ડી.ડી. સ્વરૂપે તથા ઈ.એમ.ડી. **રૂા.૩૭,૬૯૮.૦૦** અસલમાં એફ.ડી.આર. સ્વરૂપે અને સ્કેન ડોકયુમેન્ટ તથા જરૂરી સોગંદનામા તેમજ તથા લેટરપેડમાં કોન્ટેકટ નંબર દર્શાવવાના રહેશે તથા આ કવર સ્પીડ પોસ્ટ /રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી આ સરનામે **તા.૦૨/૦૭/૨૦૨૬** તારીખ ભરેતે ચડાવવું છેલ્લી તારીખ પછી ૭ દિવસ સુધીમાં ટેન્ડર અપલોડ કર્યા બાદ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૩, ગાંધીનગરની કચેરીએ હાર્ડ કોપીમાં પહોંચતા કરવાના રહશે.

(૧૪) ટેકનીકલ બીડ ખોલ્યા બાદ ઓનલાઈન ડોકયુમેન્ટના આધારે પૂર્વ પાત્રતા ધરાવતી સંસ્થા/ એજન્સીના જ પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે.

(૧૫) ટેન્ડર ભરનારે ટેન્ડરની તમામ શરતો કાળજી પૂર્વક વાંચી, સમજીને ટેન્ડર

ભરવાનું રહેશે. એજન્સી/ ઈજારદારો દ્વારા ભરવામાં આવેલ શરતી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહિ.

(૧૬) કોન્ટ્રાકટરે સરકારી કચેરી ખાતે કુશળ/ બિન કુશળ/ અર્ધ કુશળ શ્રમયોગી સ્ટાફ સપ્લાય કરવાનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવનું પ્રમાણપત્ર બીડવું જરૂરી છે. કચેરીમાં કુશળ/ બીન કુશળ/ અર્ધ કુશળ શ્રમયોગી સ્ટાફ પુરા પાડવાના કામનો અનુભવ ન હોય તેવા તથા બિન અનુભવી કોન્ટ્રાકટરનું ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

(૧૭) ટેન્ડરની તમામ બાબતો માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૩, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે. કોઈપણ ટેન્ડર મંજુર/ના મંજુર કરવાની સંપૂર્ણ સત્તા માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરની રહશે.

(૧૮) કોન્ટ્રાકટનો સમય એક વર્ષનો રહેશે. ત્યારબાદની પરસ્પરની સહમતીથી જરૂરીયાત પ્રમાણે મંજુર થયેલ સર્વિસ ચાર્જ અને ટેન્ડરની તમામ શરતો યથાવત રહે તે બાબત સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી લંબાવી શકાશે.

(૧૯) કોન્ટ્રાકટ પીરીયડ દરમ્યાન ઈજારદાર/ એજન્સી દ્વારા કામગીરી સંતોષકારક નહિ કરવામાં આવે તો ૭ દિવસની નોટીસ આપી, કોન્ટ્રાકટનો અંત લાવવામાં આંવશે અને થયેલ કામની કિમંત માંથી ૧૦% (દસ ટકા) ની રકમ અથવા સીકયોરીટી ડીપોઝીટ **રૂા.૩,૭૬,૯૮૦.૦૦** પૈકી જે વધારે હોય તે રકમ જપ્ત કરવામાં આવશે તથા આવા બીડર/ ઈજારદારને માર્ગ અને મકાન વિભાગના આ પ્રકારના કામ માટે કાળીયાદી (બ્લેક લીસ્ટ) માં મુકવામાં આવશે.

(૨૦) કરાર દ્વારા ઉપસ્થિતિ થનાર વિવાદો કે તકરારોના નિવારણ માટેનું કાર્યક્ષેત્ર ગાંધીનગર રહેશે.

(૨૧) ઈજારદારે તમામ વર્કરને કોવીડ-૧૯ ની સ્થીતિને કારણે માસ્ક આપવાના

રહેશે તથા સાઈટ પર સેનીટાઈઝરની વ્યવસ્થા કરવાની રહેશે તથા વર્કરો વચ્ચે સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરે તે જોવાનું રહેશે. તથા દરેક વર્કરના દૈનીક ધોરણે ટેમ્પરેચર ગનથી યોગ્ય તાપમાનની ખાતરી કરવાની રહેશે તથા કામ શરૂ કરતા પહેલાં કમ્પલેટ રીઝલ્ટ સાથે વર્કરને લાવવાના રહેશે. (ટેન્ડરની ખાસ શરત નં.૭ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨૨) ઉપર જણાવેલ આ પ્રકારની સેવા પુરી પાડનાર એજન્સી દ્વારા ફરજ પર મુકવામાં આવેલ સઘળા વર્કરો આજે કે ભવિષ્યમાં કોઈપણ સંદર્ભમાં રાજય સરકારના કર્મચારીઓ ગણાશે નહિ તેમજ તેને લગતા કોઈપણ જાતના મહેનતાણાં, સવલતો કે રજાઓ વગેરે માટે તકરાર રહેશે નહિ અને એજન્સી દ્વારા પુરો પાડવામાં આવતો સ્ટાફ જે તે મુદ્દત પુરી થયે જે તે એજન્સીએ પોતાની સાથે પરત લઈ જવાનો રહેશે.

(૨૩) સેવા આપનાર એજન્સી દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કરારની શરતો કે કોઈપણ એક શરત ભંગ કરશે તો તે બાબતે સંબંધિત એજન્સી/ ઈજારદાર પાસેથી લેખિત સ્પષ્ટતા સંતોષકારક ના જણાય કે જે તે ટેન્ડરની શરતોના ભગંથી કચેરીમાંની ટેકનીકલ/ વહીવટી કાર્યવાહીમાં ખલેલ જણાય કે જરૂરી વ્યવસ્થામાં કોઈ પશ્નો ઉભા થશે તો તેમની સામે ટેન્ડરની શરતોમાં જણાવેલ જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવશે ટેન્ડરની શરતો મુજબ દિન-૧૦ ની નોટીસ આપી આવા શરતભંગ બદલ જે તે સેવા આપનાર એજન્સીનો કરાર રદ કરવામાં આવશે તથા અન્ય એજન્સી ને કે સેકન્ડ લોએસ્ટ એજન્સીને કામ આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૨૪) ટેન્ડર મંજુર થયેથી સીકયોરીટી ડિપોઝીટ તરીકે પ્રથમ ૫% પ્રમાણે **રૂા.૧,૮૮,૪૯૦.૦૦** અને ત્યારબાદ એજન્સીના દરેક રનીગ બીલોમાંથી ૫% લેખે **રૂા.૧,૮૮,૪૯૦.૦૦** મળીને કુલ ૧૦% સીકયોરીટી ડિપોઝીટની રકમ કપાત કરવામાં આવશે આ રકમ કરારખતની મુદત પૂર્ણ થયેથી ઈજારદારના કોઈપણ વર્કરના બાકી મહેનતાણાં, બાકી ઈ.એસ.આઈ.સી., બાકી

ઈ.પી.એફ./ બોનસની ફરીયાદ ૬ માસ સુધીમાં નહી આવે તો ત્યારબાદ છુટી કરવામાં આવશે.

(૨૫) કરારખતની કોઈપણ શરતનો ભંગ બદલ સીકયોરીટી ડિપોઝીટની જમાં કરાવેલ રકમમાંથી ટેન્ડર મંજુર કરનાર અધિકારીને યોગ્ય જણાય તેટલી અથવા પુરેપુરી ડિપોઝીટની રકમ જપ્ત કરી શકાશે. કોઈપણ કારણોસર સીકયોરીટી ડિપોઝીટ જપ્ત થઈ તો એજન્સીએ પુરેપુરી સીકયોરીટી ડિપોઝીટ પુન: જમા કરાવવાની રહેશે અન્યથા ટેન્ડર રદ કરી ઈજારદાર/ એજન્સીને બ્લેકલીસ્ટ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તથા બીજા લોએસ્ટ ઈજારદારને કામગીરી સોંપવા કે નવી એજન્સી નકકી કરવા કાર્યવાહી કરવામાં આવશે.

(૨૬) આવી સેવાઓ પુરી પાડનાર એજન્સીનાં કોઈપણ કર્મચારી નાં કૃત્ય કે વર્તનનાં કારણે કચેરી કે તેની સાધન સામગીને તેમજ કચેરીના કોઈપણ કર્મચારી, અધિકારીને કોઈપણ પ્રકારની નુકશાની ખર્ચ તેમજ કાનુની કાર્યવાહીમા જોડાવુ પડે તેવા સંજોગો ઉભા થાય ત્યારે તે અંગે થયેલ ખર્ચ ભરપાઈ કરી આપવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૨૭) કરારની મુદત દરમિયાન સેવા પુરી પાડનાર એજન્સી યોગ્ય રીતે વર્કરોની સેવા પુરી પાડવામાં નિષ્ફળ જાય અને કચેરીને વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડે તો તે અંગે થનાર સમગ્ર ખર્ચ જે તે એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે.

(૨૮) કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટનો હેતુ પાર પડે તે રીતે પુરતા માણસો રોકવાના રહેશે. કોન્ટ્રાકટનો સમય પુરો થયે કોન્ટ્રાકટ આપોઆપ રદ ગણવામાં આવશે અને કોન્ટ્રાકટરે પોતાના સઘળા સ્ટાફને પોતાની સાથે લઈ જવાના રહેશે.

(૨૯) પેઢી/ કોન્ટ્રાકટર દ્વારા ટેન્ડરની શરતો મુજબ કામગીરી કરવામાં નહિ આવે તેમજ તેની સામેની ફરિયાદ સાબિત થતાં સીકયુરીટી ડિપોઝીટની રકમ જપ્ત

કરવામાં આવશે. તથા ટેન્ડર રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

(૩૦) માર્ગ અને મકાન વિભાગએ ચુકવેલ જી.એસ.ટી. સામે કોન્ટ્રાકટરે કોઈ ક્રેડીટ લેવાની રહેશે નહિ. કોન્ટ્રાકટરે દરેક બીલ રજુ કરતી વખતે તેણે અગાઉના કોઈપણ બીલના જી.એસ.ટી.પેટે ક્રેડીટ લીધેલ નથી તેવું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩૧) કામની સીકયોરીટી ડીપોઝીટ પરત મેળવતા પહેલાં ઈજારદારે આ કામમાં રીએમબર્સ કરેલ જી.એસ.ટી. ઉપર કોઈ ક્રેડીટ લીધેલ નથી. એવું સોગંધનામુ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રજુ કરવાનું રહેશે.

(૩૨) જો ઈજારદારે શરતચુકથી જી.એસ.ટી. ની કોઈ ક્રેડીટ લીધેલ હોય તો તે દિન—૩૦ માં માર્ગ અને મકાન વિભાગને પરત આપવાની રહેશે.

(૩૩) ઈજારદારે પહેલાં ૧ થી ૧૦ તારીખ સુધીમાં કર્મચારીઓને તેના આધાર લીંક બેંક એકાઉન્ટમાં પ્રર્વતમાન લધુત્તમ વેતન દર મુજબ બેઝીક તથા ભથ્થા મુજબ પગાર ચુકવી તેમજ ઈ.પી.એફ., ઈ.એસ.આઈ.સી.ના કાયદાકીય ચુકવણાં કરી તેનું બીલ/ચલણ જરૂરી પુરાવા સાથે પાટનગર યોજના પેટા વિભાગ નં.૧૮, ગાંધીનગર ખાતે રજુ કરવાનું રહેશે મુળ પગારમાં વખતોવખત જાહેર થતાં લધુત્તમ વેતન દર તથા ભથ્થા મુજબ વધારો/ઘટાડો કરવાનો રહેશે.

(૩૪) મુદ્દા નં.૩૩ મુજબ દરેક વર્કરનું માસીક મહેનતાણું તેમજ આનુસાંગિક (ઈ.એસ.આઈ.સી.) વિગેરે લાભોનું તમામ ચુકવણું કર્યા બાદ એજન્સીએ રીએમબર્સમેન્ટ માટે બીલ જે તે મહીનાનું રજુ કરવાનું રહેશે.

(૩૫) વહીવટી ચાર્જના ચુકવણાં ઉપર સરકારશ્રીના લાગુ પડતા ઈન્કમટેક્ષ, જી.એસ.ટી. તથા અન્ય કોઈપણ સ્ટેચ્યુટરી લેવીઝની કપાત નિયમોનુસાર કરવામાં આવશે. તથા તે જમા થયા ના આધાર રજુ કર્યાથી તેટલા રકમનું

ચુકવણું ઈજારદારને બીલ સ્વરૂપે કરવામાં આવશે.

(૩૬) કોન્ટ્રાકટરે ઈ.પી.એફ. તથા ઈ.એસ.આઈ.સી.ની રકમ દરેક વર્કરના ખાતામાં વખતોવખતના નિયમોનુસાર દર માસે જમા કરાવવાની રહેશે.

(૩૭) જે તે કેડરમાં ગેરહાજર રહેલ કર્મચારીનો જે તે દિવસનો પગાર કપાત કરવાનો રહેશે.

(૩૮) કર્મચારીની હાજરી ભરાયેલ હોય પણ ખાતા/વિભાગ દ્વારા આકસ્મિક ચકાસણી વખતે કર્મચારી ગેરહાજર માલુમ પડે તો તેનો તે દિવસનો પગાર અને ખોટી હાજરી ભરવા બદલ વધુ એક દિવસનો પગાર દંડ તરીકે એજન્સી પાસેથી વસુલ કરવાનો રહેશે. જો કર્મચારીની ભુલ હોય તો એજન્સી કર્મચારીના પગારમાંથી આ રકમ કાપવા સંબંધિત અધિકારીને જણાવશે.

(૩૯) જરૂર પડે આકસ્મિક કાર્ય/ સેવા માટે વધુ સમય કે વધુ માણસો પુરા પાડવાની જરૂરી પડશે તો તે માટે એજન્સીએ વ્યવસ્થા કરવાની રહેશે તથા તે અંગની સઘળી જવાબદારી એજન્સીની રહેશે.

(૪૦) કચેરીમાં સુરક્ષા જરૂરીયાતથી કોઈ સેવા સમય કે વિસ્તારની વ્યવસ્થા બદલવાની જરૂરીયાત ઉભી થાય તો તેમ કરવા એજન્સી બંધાયેલી રહેશે.

(૪૧) તમામ વર્કરોને એજન્સીના ખર્ચે ઓળખપત્ર તથા ખાતા તરફથી નકકી થવા મુજબ યુનીફોર્મ આપવાનો રહેશે તથા ઓળખપત્ર માટે દરેક વર્કરનો ડેટા, ફોટા, આધારકાર્ડ, પોલીસ વેરીફીકેશન એજન્સી/ ઈજારદારશ્રીએ કામ મળ્યેથી તુરંત દિન—૭ માં પુરો પાડવાના રહેશે.

(૪૨) એજન્સી દ્વારા કામના સ્થળ પર ફરીયાદો, માંગણી/ રજુઆત મળ્યાનું એક રજીસ્ટર નિભાવવાનુ રહેશે જેમાં કામગીરી નહિ કરી શકાયેલ માંગણી અને

તેના કારણો નોંધવાના રહેશે.

(૪૩) આ કરાર બિન તબદીલીપાત્ર છે. એજન્સી અન્ય કોઈ સબલેટ એજન્સી રોકી શકશે નહિ અને સક્ષમ સત્તા/ કચેરીની પૂર્વ મંજુરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને કુશળ/ બિન કુશળ/ અર્ધ કુશળ શ્રમયોગી પુરા પાડવાનું કામ તબદીલ કરી શકશે નહિ અથવા આ કરારની અન્ય કોઈ બાબત અન્ય એજન્સીને તબદીલ કરી શકશે નહિ.

(૪૪) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/ કચેરી એજન્સીને ૭ દિવસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહિ.

(૪૫) આ કામ ના બીલમાંથી લેબર સેસની રકમ કપાત કરવામાં નહી આવે.

(૪૬) એજન્સીના માલિકના મુત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારો નો કોઈ હકક/દાવો રહેશે નહિ. આમ છતાં એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો ૩ ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે.

(૪૭) પોતાને ત્યાં રાખેલા કર્મચારીઓ પાછલો રેકોર્ડ ગુનારહિત હોવા અંગેનું પોલીસ વેરીફીકેશન કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે તથા તમામ કર્મચારીઓ આરોગ્યની દ્રષ્ટિએ તંદુરસ્ત હોવો જોઈએ ઈજારદારે તમામ કર્મચારીઓનું આરોગ્ય ચકાસણી પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

(૪૮) કોન્ટ્રાકટરે દરેક કર્મચારીને દર મહિને પગાર સ્લીપ આપવાની રહેશે.

(૪૯) કોન્ટ્રાકટર કે તેમના કર્મચારીઓ કચેરીમાં પ્રતિબંધિત ચીજ–વસ્તુ, ખાધ પદાર્થ, કેફી–પીણું લાવી શકશે નહિ તેમજ ધુમ્રપાન, ગુટકા, તમાકુ યુકત પદાર્થ, નશાયુકત પીણાં કે પદાર્થનો ઉપયોગ કરી શકશે નહિ આવી કાર્યવાહી કરી રહેલ વર્કરની સેવાનો અંત લાવી નવા વર્કર ની વ્યવસ્થા એજન્સીએ તાત્કાલીક કરવાની રહેશે.

(૫૦) જે પ્રકારની સેવા પુરી પાડવા માટેનો પરવાનો આપવામાં આવ્યો હોય તે પ્રકારની સેવા પુરી પાડવા માટેના સંચાલનના કામે સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર જરૂરીયાત પ્રમાણે અનુભવ અને નિયત લાયકાત ધરાવતા વર્કર તથા સુપરવાઈઝર ઈજારદારે રાખવાના રહેશે.

(૫૧) ટેન્ડર ભરનાર ઈજારદારે રજુ કરેલ ડોકયુમેન્ટની ચકાસણી / સ્પષ્ટતા મેળવવા માટે જરૂરી કાર્યવાહી કરવા માટે સંબંધિત કચેરીને તમામ અધિકારો રહેશે.

(૫૨) મંજુર થયેલ ટેન્ડરના ઈજારદાર દ્વારા આ કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની કંપનીના બંધારણમાં કોઈ ફેરફાર કરી શકશે નહિ.

(૫૩) મંજુર થયેલ ટેન્ડરના ઈજારદારના હાલના કર્મચારીઓ અથવા અગાઉ રાખેલ કર્મચારીઓ દ્વારા વેતન અથવા અન્ય કોઈ પ્રકારના ચુકવણાં બાબતે ટેન્ડર માંગનાર જે તે સરકારી કચેરી સામે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવેલ ન હોવી જોઈએ આ બાબતે ઈજારદારે યોગ્ય પ્રકારની એફીડેવીટ રૂા.૩૦૦.૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર રજુ કરવાની રહેશે. તેમજ જો આ એફીડેવીટ ખોટી છે તેવું ધ્યાનમાં આવ્યાથી ઇજારદારશ્રી સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તથા કરારનો અંત લાવવાની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ સેકન્ડ લોએસ્ટ કે અન્ય ભાવ માંગી બીજા ઈજારદાર મારફત મૂળ ઈજારદારશ્રીના ખર્ચે અને જોખમે બાકી રહેતી કામગીરી કરવામાં આવશે.

(૫૪) એજન્સી/ ઈજારદારશ્રી આ ટેન્ડર ભરતી વખતે કે કામગીરીના કોઈપણ સ્ટેજે

સબલેટીગ આપી શકશે નહિ જો આવુ ધ્યાને આવશે તો કરારભંગ ગણી કરાર રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૫૫) વર્ષ દરમ્યાન શ્રમ અને રોજગાર કચેરી દ્વારા લઘુત્તમ વેતન દરોમાં વધારો કરવામાં આવશે તો તેને આનુસંગક વર્કરના ચુકવણાં પણ ઈજારદારે તે સમય બાદના વધારેલ વેતન મુજબ ચુકવણું કરવાનું રહેશે આ માટે ખાતા તરફથી ઈજારદારે વધારાની રકમ જથ્થા વધારા તરીકે મંજરુ કરી આપવામાં આવશે.

(ઉપરોકત શરતો ટેન્ડર મંજુર થયેથી ઈજારદારને રૂા.૩૦૦.૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર લખી મંજુરી બદલ સહી કરાવવાની રહેશે.)

ઉપરની તમામ શરતો (૧ થી ૫૫) મને કબુલ / મંજુર છે.

ઈજારદારની સહીઃ

(રબર સ્ટેમ્પ સાથે)

મારી રૂબરૂ

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.

## ટેન્ડરની શરત નં.:(૬)

## કોન્ટ્રાકટરે પાલન કરવાના શ્રમિક કાયદાઓ તથા પાળવાના નિયમો

(૧) સંસ્થાને લાગુ પડતા તમામ કાયદાઓનું પાલન કરવાનું રહેશે.

(૨) કોન્ટ્રાકટ લેબર (નિયમ અને નાબુદી) અધિનિયમ ૧૯૭૦ તથા કોન્ટ્રાકટ લેબર (પી. એન્ડ આર.) ગુજરાત નિયમો–૧૯૭૨ અન્વયેના મંજુર કાયદાઓ અને અન્ય નિયમોની જોગવાઈઓ મુજબ કોન્ટ્રાકટર તરીકેની સમગ્ર જરૂરીયાત પૂર્ણ કરતા હોવા જોઈએ અને કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ, સંસ્થાનો નોંધણી ક્રમાંક, પ્રોવિડન્ટ ફંડ, ઈ.એસ.આઈ. નંબર, ઈન્કમટેક્ષ નંબર ધરાવતા હોવા જોઈએ.

(૩) કોન્ટ્રાકટરે તેમના શ્રમિકોને લાગુ પડતા કાયદાઓ, મુજબ મહેનતાણાં સમયસર આપવાના રહેશે.

(૪) સંસ્થાને લાગુ પડતા તેમજ પ્રર્વતમાન કાયદાની જોગવાઈઓ મુજબ કોન્ટ્રાકટરે તેમના સ્ટાફનો પી.એફ., ઈ.એસ.આઈ.સી. વગેરેનો ફાળો ફરજીયાત ઓનલાઈન જે તે લેબર/ વર્કરના નામ મુજબ તેમના એકાઉન્ટમાં જમા કરાવી ખાતાને જાણ કરવાની રહેશે તથા તે અંગેના વિગતબાદ ચલણ રજુ કરવાના રહેશે.

(૫) કોન્ટ્રાકટના સ્ટાફને કામ કરતા કે અન્ય કોઈપણ રીતે અકસ્માત કે ઈજા થાય, અશકત બને, મુત્યુ પામે તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ માટે કાયદેસરનું વળતર ચુકવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આ અંગે ઈ.એસ.આઈ.સી., વર્કમેન કોમ્પેનસેશન, ગ્રુપ વિમો વિગેરે જે લાગુ પડતુ હોય તે કોન્ટ્રાકટરે કામ શરૂ કરતા પહેલાં લેવાના રહેશે. અને આ માટે ઉભી થતી તમામ જવાબદારી ખર્ચ વળતર વગેરે કોન્ટ્રાકટરે ભોગવવાની રહેશે. આ બાબત પાછળથી ચાલુ કામે કોઈ પ્રશ્ન

ઉપસ્થિત થશે. જો ઈજારદારશ્રી દ્વારા આવી ચુકવણી કરવામાં આવી નહી હોય તો ખાતા તરફથી ઈજારદારની સીક્યોરીટી ડીપોઝીટ તથા અન્ય અનામતમાંથી ઈજારદાર (કોન્ટ્રાકટર) વતી ચુકવણું કરવામાં આવશે.

(૬) કોન્ટ્રાકટરના સ્ટાફના કોઈપણ કૃત્યના કારણે કચેરી કે તેના કર્મચારીને નુકશાન થાય તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને નુકશાની ભરપાઈની રકમ તેમના બિલ કે જમા ડીપોઝીટમાંથી કે અન્ય રીતે કરવામાં આવશે તથા સરભર કરવામાં આવશે.

(૭) ઈજારદારશ્રી દ્વારા દરેક વર્કર ને વર્ષમાં એકવાર નિયમ મુજબ બોનસ આપવાનું રહેશે. તથા ઈજારદાર દ્વારા દરેક વર્કરને બોનસ આપવામાં આવેલ હશે તથા માંગણી કરવામાં આવશે તા સરકારશ્રીની મંજુરીની પ્રકીયા બાદ બોનસને વધારના ચુકવણાં તરીકે પેમેન્ટ થવા કાર્યવાહી કરી આપવામાં આવશે.

ઉપરની તમામ શરતો (૧ થી ૭) મને કબુલ / મંજુર છે.

ઈજારદારની સહીઃ

કાર્યપાલક ઈજનેર,
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર.

# ટેન્ડરની શરત નં.:(૭)

## (અગત્યની સુચના)

આઉટસોર્સ મેનપાવરના ટેન્ડરની પ્રક્રિયામાં સરકારશ્રીની સુચના અન્વયે નિયમોમાં બદલાવ થશે. તો ટેન્ડર નવા નિયમો પ્રમાણે કરી નવેસરથી નવી સુચના તેમજ માર્ગદર્શન પ્રમાણે બહાર પાડવામાં આવશે. અને નવેસરથી એજન્સી નકકી થયેથી ચાલુ ટેન્ડરને જે તે સ્ટેજે ફાઈનલ કરવામાં આવશે. તે બાબતે ઈજારદારશ્રી ધ્વારા આ બાબતે કોઈ વાદ–વિવાદ તથા નાણાંકીય નુકશાન થવા અંગે હકક–દાવો કરી શકશે નહી.

ઉપરની તમામ શરતો (નં.૭) મને કબુલ / મંજુર છે.

ઈજારદારની સહીઃ

કાર્યપાલક ઈજનેર
પાટનગર યોજના વિભાગ નં.૩,
ગાંધીનગર